# સત્યને પાયે ઊભેલી રંગભૂમિ

**ક્રિસ્તોવ વર્લિકોવ્સ્કી (જન્મ : ૨૬ મે, ૧૯૬૨ પોલેન્ડનું પાટનગર વોર્સો)**

ઈતિહાસ, ફિલસુફી અને ભાષાઓ, ખાસ કરીને ફ્રેન્ચ ભાષા અને સાહિત્યનો એમણે અભ્યાસ કર્યો. ૧૯૯૩માં લુદ્‌વિક સોલ્સકી નાટ્ય અકાદમીમાં દિગ્દર્શનની તાલીમ લીધી. આ દરમ્યાન એમણે બ્રિટિશ દિગ્દર્શકો પિટર બ્રૂક, દિગ્દર્શક ઈંગ્માર બર્ગમેન અને જ્યોર્જ્યો સ્ટ્રેહલર પાસે દિગ્દર્શન શીખવાનું શરૂ કર્યું હતું, એમનાં પ્રથમ નાટકોમાં "માર્કવીસ" મહત્ત્વનું ગણાય. એ પછી એમણે પોલેન્ડ અને યુરોપમાં અનેક નાટકો અને ઓપેરાની રજૂઆત કરી. ૧૯૯૯થી એ વેરાયટી થિએટરમાં કામ કરે છે. વોર્સોમાં ૨૦૦૮માં સ્થપાયેલા નોવિતિપાત્રમાં કલાત્મક દિગ્દર્શક તરીકે વ્યસ્ત છે. પોલેન્ડની સેટ અને કોસ્ચ્યુમ ડિઝાઈનર મર્ગોજ્યાતા શેષનીક સાથે લગ્ન કર્યાં છે. એમને શેક્સપિયરના નાટક ટેમીંગ ઑફ ધ શ્રૂના દિગ્દર્શન માટે ઍવૉર્ડ એનાયત થયો હતો. મૉસ્કોમાં ૨૦૦૬માં એમને રૂસી દિગ્દર્શક મૅયરહૉલ્ડ ઍવૉર્ડ એનાયત થયો. એ ઉપરાંત પણ એમને ચોતરફ માન-સન્માન મળેલાં છે. વિશિષ્ટ પ્રકારનાં નાટકો માટે એ જગતભરમાં જાણીતા છે.

**૨૦૧૫નો વર્લિકોવ્સ્કીનો સંદેશ :**

થિએટર કર્મ વિશે ખરેખરી સમજણ ધરાવતી વ્યક્તિઓ તો તખ્તાથી ખૂબ દૂર જ તમને મળશે. ચીલાચાલુ પ્રણાલીઓ કે જૂની પરંપરાઓને વળગી રહેતા થિએટરકર્મમાં તેઓને લેશ પણ રસ હોતો નથી. જીવનથી ધબકતા સ્રોતને તેઓ શોધી કાઢે, અને પ્રસ્તુતિની નિશ્ચિત જગ્યાઓથી મોં ફેરવી લઈ, ગમે તેવા જીવનનું અનુકરણ કરવા મથતા લોકસમૂહોથી તેઓ દૂર ભાગે છે. સપાટીથી ઊંડે ધબકતી લાગણીઓ સમજવા કે પ્રેક્ષકો સાથે વાદ-વિવાદો ચલાવવા પર ધ્યાન દઈ શકે એવાં વિશ્વો સર્જવાને બદલે, આપણે આંધળા અનુકરણમાં ઘસડાયે જઈએ છીએ. અને આમ જુઓ તો, માનવીમાં ઊંડે ધરબાયેલી ઉત્તેજનાને વાચા આપવાનું થિએટર જેવું બીજું એકેય માધ્યમ નથી.

તેથી હું માર્ગદર્શન મેળવવા ઘણી વખત ગદ્યસર્જકોને  શરણે જાઉં છું. કેટલાય લેખકોએ સો એક વરસ પહેલાં યુરોપિયન દેવી-દેવતાઓના પતન વિશે, અને આપણી વિલાતી જતી સંસ્કૃતિમાં ફેલાઈ રહેલા અંધકાર વિશે જાણે ભવિષ્ય ભાખતા હોય તેમ ખૂબ સાવચેતીપૂર્વક લખ્યું છે, મને એ સ્મરણે રહે. મારે મન આ લેખકો છે- ફ્રાન્ઝ કાફકા, થૉમસ માન, માર્સેલ પ્રૂસ્ત; એવા લેખકોમાં આજે હું જહોન મેક્સવેલ કોએત્ઝેને પણ મૂકી શકું.

આ જાતના અવશ્વંભાવિ અંત - એટલે કે આ પૃથ્વી નહીં પણ માનવસંબંધોના હાલના નમૂનાઓ તથા સામાજિક વ્યવસ્થા અને એમાં ઊથલપાથલ - વિશે એ લેખકોમાં જે સમજણ જણાય છે તે આપણે પકડવી પડશે. એ જાતના અંત પછી આપણે આજે શ્વાસ લઈ રહ્યા છીએ, જે સંઘર્ષો, ગુનાખોરી અને અપરાધોનું વિશ્વ ચોતરફ વ્યાપેલું છે, એમાંથી બચવું પડશે. આપણે પરેશાન થઈને બેબાકળા થઈ જઈએ છીએ. ઊંચી ઊંચી અટારીઓ કે દીવાલો આપણે ચણી નથી શકતા, અને જે છે તે આપણું રક્ષણ કરવાને બદલે, આપણે મહામહેનતે એનું રક્ષણ કરવું પડે છે. બંધ દરવાજા કે દીવાલોની પેલે પાર શું છે એ જોવા-જાણવાની ત્રેવડ પણ આપણામાં રહી નથી. અને એટલા જ માટે આપણે થિએટરને જીવાડવું પડશે, જેથી જ્યાં જોવાની મનાઈ છે ત્યાં આપણે જોઈ શકીએ.

ગ્રીક કિવદંતી પ્રોમેથિયસના પરિવર્તનને સમજાવતાં ફ્રાન્ઝ કાફકાએ કહ્યું છે : સામાન્ય રીતે પામી ન શકાય એવી વાત આ વાર્તાથી સમજાય છે, કારણ કે એ સત્યને પાયે ઊભી છે, તેથી સાદી સમજમાં  ન આવે એ સ્થિતિએ જ એ પામી શકાય.

થિએટરના સર્વ રંગકર્મીઓ અને પ્રેક્ષકોમાં બેઠેલા થિએટરરસિકોને એવું થિએટર, સત્યને પાયે ઊભેલું થિએટર, મળે એવી આજના વિશ્વરંગભૂમિદિને હાર્દિક શુભેચ્છાઓ આપું છું.